# સોલાર તથા વિન્ડ એનર્જીની વાત થાય તો ફારૂક પટેલ વગર અધૂરી



સુરતનાં પ્રતિષ્ઠિત કે.પી. ગૃપ કે જેમાં સાત કંપનીઓના સમાવેશ થાય છે અને જેમાંથી એક કંપની BSE પર લીસ્ટેડ પણ છે તેમના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી ફારૂકભાઇ પટેલ સાહેબે જણાવ્યું હતું કે કન્ટ્રકશન સાથે જોડાયેલ તમામ મોટા બીલ્ડરોએ તથા સુરતના ટેક્ષ ટાઇલ કે ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયલ ઇન્ડસ્ટ્રીયાલીસ્ટોએ રીન્યુએબલ ઇન્ડસ્ટ્રીઝ તરફ પણ ડાયર્ઝીફીકેશન કરવું રહ્યું.

સેન્ટ્રલ ગર્વમેન્ટ દ્વારા આપવામાં આવતા લાભો જેમ કે REC અને EXCISE DUTY EXEMPTION તથા એક્સલરેટેડ ડેપ્રીશીએશન અને ૧૦ વર્ષ સુધી ટેક્ષ હોલી ડે નો લાભ લેવો જોઇએ.

કે.પી. ગૃપ જે મોબાઇલ ટાવર ઉત્પાદન તથા ઇન્સ્ટોલેશનમાં કાર્યરત છે તેમણે છેલ્લા ચાર વર્ષથી રીન્યુએબલ ઇન્ડસ્ટ્રીઝમાં ડાયર્ઝીફીકેશન કર્યુ અને આજે ૫ મેગાવોટનો સોલર પ્લાન્ટ સુડી, ભરૂચ, ગુજરાત ખાતે કાર્યરત છે અને ફેઇઝ-૨ માં બીજા ૧૦ મેગાવોટનું ઉત્પાદન ડીસેમ્બર-૧૬ થી શરૂ થશે એ પ્રમાણે કામ ચાલી રહ્યું છે. વળી વિન્ડ એનર્જીમાં કેપી ગૃપ માર્ચ-૧૬ માં ૨૧ મેગાવોટ પોતાની વિન્ડટરબાઇન ઇન્સ્ટોલ કરી છે અને ૩૦ મેગાવોટનું વિન્ડફાર્મ કાર્યરત કર્યું છે. આ વર્ષે નવા ૬૦ મેગાવોટનું કાર્ય વિન્ડ એનર્જી દ્વારા પોરબંદર ખાતે કાર્યરત થશે એવું પ્લાનીંગ છે.

શ્રી ફારૂક પટેલ કે.પી. હ્યુમન ડેવલોપમેન્ટના નામનું ટ્રસ્ટ પણ ચલાવે છે અને તેઓ શહેરની વિવિધ સંસ્થાઓમાં પ્રેસીડન્ટ તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. તેઓ ધી સુરત ડિસ્ટ્રિક મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના પ્રેસીડન્ટ છે. આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી ગુજરાતી, ઉર્દુ તથા ઈંગ્લીશ સ્ટ્રીમમાં ચલાવતી સ્કૂલમાં ૬૦૦૦ થી વધારે વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ અભ્યાસ લઇ રહ્યા છે. વળી તેઓ મુસ્લિમ બ્રધરહુડના પણ ચેરમેન છે જે દ્વારા દર વર્ષે આશરે ૪૦૦૦ વિદ્યાર્થીઓને ભણતરના ચોપડાઓ આપવામાં આવે છે. ભરૂચી સમાજના પ્રેસીડન્ટ તરીકે શ્રી ફારૂકભાઇ સમાજના ગરીબ તબક્કાની શૈક્ષણિક તથા ઈકોનોમીક્સ વિકાસ માટે પ્રયત્નશીલ છે.

શ્રી ફારૂક પટેલ એ PDPU માંથી સોલાર એનર્જી વિષે આપવામાં આવતો સર્ટીફીકેટ કોર્ષ પણ કર્યો છે.

સ્વભાવે સરળ અને ડાઉન ટુ અર્થ શ્રી ફારૂક પટેલ સાહેબ ૭૦ માં સ્વતંત્રતા દિવસ પર દરેક દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા.